ફોજદારી કેસ નંબરઃ.10100-17

આક ૧ લગત હુકમ

આ કામના આરોપી વિરૂદ્ધ પ્રોહિ કલમઃ૬૬(બી),૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે હવેથી હુ દારૂ કે અન્ય કેફી પદાર્થ નહી વેચુ તેમજ જાહેર સ્થળ પર કે અન્ય સ્થળ પર ફરી આ મુજબનો ગુનો હુ નહી કરુ, અને તે ખાત્રી આપુ છુ, વધુમાં આપ સાહેબને હુ જાહેર કરૂ છુ કે અગાઉ મે આ મુજબના ગુનામાં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુનામાં સજા કરવામાં આવેલ નથી વધુમાં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે. તેમજ સદર કામે આરોપી સામેનો નોંધાયેલ ગુનાનો પ્રકાર તથા દારૂનો જથ્થો વિગેરે તમામ હકિકતો તેમજ કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. અને આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

– હુ ક મ –

**૧**.આ કામના આરોપી સુખવંતકૌર જસબીરસીંગ દિવાનસીંગ સરદારને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૪૧ અન્વયે પ્રોહિ કલમઃ૬૬(બી)૬૫(એ)(એ) મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી , સદરહૂ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂા.**૨૦૦/–**અંકે રૂપીયા **બસો પુરા** ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**૨**. મુદ્ધામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્ધામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો . જ્યારે બાકીના મુદ્ધામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામા આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા તેના સાચા હક્કદાર ઈસમે માંગણી કરેથી તેની ખાત્રી થયેથી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તાઃ૧૧ મી, માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ નાં રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ.

તા.૧૧/૦૨/૨૦૨૩.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
**Unique Code No. GJO**1089.